૬૦૮૭

प्रेमपचीशी–प्रेमप्रबोध.

રચી પ્રસિદ્ધ કરનાર.

પોરબંદરના રહીશ.

તી. કહાનજી વિ. માધવજી

રત્નગ્રાહી.

આવૃત્તિ ૧ લી.—પ્રત ૧૦૦૦

દોહરો.

અલંકૃતિ ઝડઝમક, સાર લહ્યા નહીં એ;
સરસ જગનાથનો, પરમ પ્રેમ અહીં છે.

અમદાવાદ.

પાનકોરને નાકે ઘાંચીની વાડીમાં.

એંગ્લો વર્નાક્યુલર પ્રીન્ટીંગ પ્રેસમાં

નથુભાઈ રતનચંદ મારફતીઆએ છાપી.

ને તેના પુત્ર ઇશાનું લોહી આપણને સઘળાં
પાપથી શુદ્ધ કરે છે.

સંવત ૧૯૫૧

ઇસ્વીસન ૧૮૯૫

કિંમત ૦-૧-૦

प्रेमपचीशी-प्रेमप्रबोध.

રચી પ્રસિદ્ધ કરનાર.

પોરબંદરના રહીશ.

ખ્રીસ્તી. કહાનજી વિ. માધવજી

રત્નગ્રાહી.

આવૃત્તિ ૧ લી.—પ્રત ૧૦૦૦

દોહરો.

સરસ અલંકૃતિ ઝડઝમક, સાર લહો નહીં એ;
અધિક સરસ જગનાથનો, પરમ પ્રેમ અહીં છે.

અમદાવાદ.

પાનકોરને નાકે ઘાંચીની વાડીમાં.

એંગ્લો વર્નાક્યુલર પ્રીંન્ટીંગ પ્રેસમાં

નથુભાઈ રતનચંદ મારફતીયાએ છાપી.

ને તેના પુત્ર ઈશુનું લોહી આપણને સઘળાં પાપથી શુદ્ધ કરે છે.

સંવત ૧૯૫૧

ઈસ્વીસન ૧૮૯૫

કિંમત ૦-૧-૦

અર્પણ પત્રિકા.

ખ્રીસ્ત ઇશુમાં માનવંતા પિતાતુલ્ય રેવરેન્ડ એચ. આર. સ્કોટ સાહેબ અને માનવંતા માતુતુલ્ય મીસીસ સ્કોટ સાહેબ.

મુ. રાજકોટ.

વિજ્ઞપ્તિઃ—

આ નાહાની ચોપડીમાં જે મોટી વાત રહેલી છે, એટલે ખ્રીસ્ત પ્રભુની અનુપમ, અલૌકિક, આશ્ચર્ય, અને અપાર મહાન પ્રીતિ, કે જે અકથ્ય છે, મનુષ્યની અલ્પ બુદ્ધિથી તેનું યથાસ્થિત સંપૂર્ણ વિવરણ કરી શકાય નહિ તેવી પ્રીતિ છે, તોપણ યથાશક્તિથી "તેમજ આ" પણા પ્રભુ ઇશુ ખ્રીસ્તની મારા અનુભવમાં આવેલી પ્રીતિનું જે જ્ઞાન મને મનસ્થ છે, તેનો બાહ્ય ઉદગાર કહાડીને તેનું પ્રગટ સ્વરૂપ કાવ્યમાં દર્શાવ્યું છે. તો, આ પ્રસંગે મારે યાદ કરવું જોઇએ કે આ પ્રીતિનો મહદ લાભ તથા જ્ઞાન જોકે આત્મીક રીતે પ્રભુની દયાથી તોપણ દૈહિક રીતે આપનાથી પામ્યો છું. આપે પ્રભુ તરફની આપની ખરી ફરજ ને પ્રીતિ અદા કરતાં મને શિખવવાને ઘણી મેહેનત લીધી, માટે તેના સંભારણાર્થે તે બાબતનો ઘણો ઉપકાર માનીને આ નહાની ચોપડી આપને અર્પણ કરૂં છું. કૃપા કરી અંગીકાર કરશો.

અમદાવાદ
તા. ૧૦—૫—૯૫

હું છું
આજ્ઞાંકિત સેવક કહાનજી
માધવજી રત્નઆહી કર્તા.

પ્રેમપચીશી.

વાંચનાર તારૂં ચિત્ત અસારે એક પર્વતપર લગાડ. કેમકે ત્યાં અનુપમ પ્રીતિનો ઝરો તારી દ્રષ્ટિએ પડશે. નિર્મળ પાણીના અનેક ઝરાએ તારી આંખને અલ્પકાળ થંડક સાથે સારો દેખાવ આપ્યો હશે. પરંતુ આ પ્રીતિનો ઝરો નિર્મળ પાણીના ઝરાથી વિલક્ષણ દેખાવ, ચીતાર ને ન ભુલાય તેવી અસર ખરેખર આપશેજ આગળી. તારૂં નિષ્ઠુર અંતઃકરણ નમ્ર કરેશે, આડું મન સુધારશે અને જો નિર્દય મન હશે, તોપણ જો તું આ મહાન સુખકર તથા પ્રિયકર વિલક્ષણ અલૌકિક ઝરાપર તારી સીધીને કાયમ નજર રાખીશ તો તારૂં મન વિંધાઇ જઈ નિર્દયતા સમુળ ઉખડી જતી રેહેશે એટલુંજ નહિ, પણ તારામાં તે સુંદર ઝરાની પ્રતિચ્છાયા નિરંતર રહ્યા વગર રહેશે નહિ. તારામાં જોત જોતામાં અલૌકિક ફેરફાર થઇ જશે. અને જ્યારે તું આ ક્ષણભંગુર દુનિયામાંથી નીકળી જઇશ ત્યારે તું અલોપ નહિ થઇ જઇશ, હા, તારી લયાવસ્થા કે નાશાવસ્થા નહિ થશે, અને તું ખોવાઇ નહિ જઇશ, પણ સદરહુ પ્રીતિ તને પકડી લેશે અને પરમ ઉંચે અનંત જીવન તથા મહિમામાં રાખશે, અને તુ એક મોહોટા રાજ્યના વારસ તરીકે વિરાજીશ આવા મહાન લાભ છે, માટે અસારે તારૂં ચિત્ત નિચેના પર્વતપર સ્થિર રાખ; અને તેનું

ખરી પ્રીતિથી તથા આગ્રહથી અવલોકન કર, કે જેથી કરીને તું આ ઝરા વિષે પુરેપૂરો વાકેફ થઇશ એટલુંજ નહિ, પણ જો તું ખરા વિશ્વાસથી તેમાં નહાવાનું કરીશ તો તારામાં પ્રેમ, આનંદ, શાંતિ, સહનતા, માયાળુપણું, ભલાઈ, વિશ્વાસ, નમ્રતા, સ્વદમન વિગેરે આત્મીક ગુણોના તતક્ષણ અંકુરો ફુટીને પ્રફુલ્લિત થયા વગર રેહેશે નહિ. માટે—

મનહર છંદ.

ધારી ધારી જુઓ કાલવરી ગહા પ.ડ તમે,
કેમ લાલચોળ લોહિ વરણો દેખાય છે
ભલા ભડવિર હાથ ભાલાં ભયકારી ઝાલી,
ઉભા સહુ સાથ અને જુઓ સમુદાય છે.
ગગડતો ગગનને ધ્રુજતી ધરતી બહુ,
કેમ કાળી જાગ જેવો દીવસ* જણાય છે.
અરે પેલો કોણ લાકડાની માથે લગી રહ્યો,
દીશે વિકરાળ લોહિઆળ શું કળાય છે. ૧
અરે પેલી ચીશકારી ચીત ચીરી દીએ એવી;
"એલી લામા શબાખ્થાની" એવું સંભળાય છે.
વહેછે આંસુની ધાર, ઉભી એને કોણ નાર;
ગરીબ લાચાર નિરાધાર એતો બાય છે.
અહાહાહા જુઓ હાથ, ભાલું લઇ મારે હૈયે,
નસોનસ વીંધી લોહી નદ વહી જાયછે.
તીખીને કઠોર ધારવાળા બાહુ[1] પગે ખીલા;
મારી, તેના જુઓ પેલાં લુગડાં લુટાય છે. ૨

દોહરા અથવા સાખી.

અગાધ દુઃખમાં કોણએ, જો પૂછો કો વાત;

---

૧ હાથ.

જાણો ત્રાતા ખ્રીસ્તએ, વીશ્વાસીનો નાથ.
વિપત કઠીણ સહન કરી: થયો લોહિલોહાણ;
એમ કરીને તેગણે, દીધું પ્રેમ પ્રમાણ. ૩
કરો દ્રષ્ટિએ પ્હાડપર, વધસ્તંભની સાથ;
હાથ પાય વીંધાયલો, દીસેજ ઇસૂ નાથ.
શુભ સરીતા પ્રીતિ તણી, વહે તેહ રેહાણ;
મૂળ તેહનું શોધશો, ઇસૂમાંજ છે જાણ. ૪
મહા સુશોભિત પાંડએ, સહુ ઉપમાની બાગ;
વીંધેલી કુખમાંહેથિ, નિકળે સરિતા ધાર.
વેવાડી નિજ લોહિને, પ્રેમ પ્રમાણ દિધેલ;
જુઓ પહાડની ઉપરે, પ્રેમ છવાઇ રહેલ. ૫

ઇંદ્રવિજય છંદ.

વારિ નહીં ધરી ધ્યાનજ બાંધવ, લોહિ સરીત ખરેખર તેછે;
પાંડ નહીં જડ તેહ સજીવન, માણુસ તે પ્રભુ ખ્રીસ્તજ એછે.
જોઇ લિઓજ નિહાળિ લિઓજ, તપાસ તપાસ મને કહિ દેછે;
જાકર ખાતરિ જાકર ખાતરિ, પ્રેમ પ્રમાણ તનેજ દિએછે. ૬
કારણ કોણ વિચાર કરો, દુખ એ પડિયું જગનાથનિ માથે;
આપણ માણુસ આપણ કાજજ, પ્રીત અનૂપ કરી નિજ હાથે.
જોઇ લિઓ નજરે સહુ બાંધવ, હાથ અને કુખ લોહિનિ સાથે
આકરિ ધાર વહે સરિતા સમ, લોહિનિ જાકર ખાતરિ જાતે. ૭

મનહર છંદ.

વૈભવ વિચારી જુઓ, વસવાનું વળી ઠામ,
મહા મહિમામાં મહારાજ એ વિરાજતો.
સુશોભિત સ્વર મહીં, સમાજ સુ દુત તણી,
તેહતણી મહાશુભ સેવા માંહે છાજતો.

હુકમે હાજર તે હજુરની હજુર માંહે;
સુખ સુખ સુખ અને ગૌરવથી ગાજતો.
તેહ છેક રાંક બની, પ્રીતિ અનહદ ધરી;
જુઓ દુખાસન ગહીં વિરાજતો આજતો. ૮

ઇંદ્રવિજય છંદ.

દેવ મહાન પરાક્રમિ તે, અગગાટ થયો બહુ માણસ આંહી;
સુખ તજી બહુ દૂખ ખમી, પિડ વેઠિ જ આ આમ કારણ ત્યાંહી.
વૈભવિ તે ધણિ વ્યોમ વિશે, નહિ દૂખ લગીર હતું સુખ જ્યાંહી,
તોપણુ તે નરિ પ્રીત જ ખાતર, આગ કર્યું, નહિ ભેદ કશ ક્યાંહીં. ૯

મનહર છંદ.

તજ્યું જેણે આપ ધામ ઠામ વસવાનું ત્યાગે;
કેમ નહિ પ્રીત? હા ખચીત પ્રીત પ્રીત છે.
છોડી માન રાંક થયો, ધણી તે ગરીબ થયો.
કેમ નહીં પ્રીત ? હા ખચીત પ્રીત પ્રીત છે.
વસનાર સ્વરનો તે ગભાણુમાં પોઢયો પોતે.
કેમ નહિ પ્રીત ? હા ખચીત પ્રીત પ્રીત છે,
ભૂખ દુઃખ તાપ શ્રાપ સહયો જેણે અમગાટ,
કેમ નહિ પ્રીત ? હા ખચીત પ્રીત પ્રીત છે ૧૦
વાડી માંહે જ્યારે ગયો, લોહિનો પસીનો થયો,
કેમ નહિ પ્રીત ? હા ખચીત પ્રીત પ્રીત છે.
બાલદારો આવ્યા જ્યારે, દીન થઇ ઉભો ત્યારે;
કેમ નહિ પ્રીત ? હા ખચીત પ્રીત પ્રીત છે.
બાંધ્યો ધકા ધુંબા કરી ધમકાવી ચોર પેરે;
કેમ નહીં પ્રીત ? હા ખચીત પ્રીત પ્રીત છે.
જો કે હતો સક્તિવાન, બોલ્યો નહી એક વાણ;
કેમ નહિ પ્રીત ? હા ખચીત પ્રીત પ્રીત છે. ૧૧

યાજકને દ્વાર ગયો ધણી તે ધીક્કાર ખમ્યો;
કેમ નહિ પ્રીત? હા ખચીત પ્રીત પ્રીત છે,
સકોગળ પીઠે મૂકી મારેલ તે સહી હાય;
કેમ નહિ પ્રીત? હા ખચીત પ્રીત પ્રીત છે.
તડ તડ તડ દીધા તમાચા સુગાલ ગધે;
આતે નહિ પ્રીત ત્યારે કેવાય શું બાત છે?
થુથુ કરી થુંકયા માથે તીખો તીરસ્કાર કરી,
હાયે આતે જુઓ કંઇ ઓછી એની પ્રીત છે? ૧૨

ઈંદ્રવિજય છંદ.

કેમ નહીં પ્રિત કેમ નહીં પ્રિત, હાય ખચીત ગણું નહિ એને;
જે નિકળેજ રૂધીરનિ ધાર, બતાવતિ નેહ ભરેલજ તેને.
થાય નકાર કહો કરિ કેગજ, તે મમ ગાઢ સુવેલજ છેને;
ઓ મમ તારક પ્રેમ વડો તુજ, બીન ગુને દુખ આ પયુ જેને.૧

મનહર છંદ.

ઢાંકી માથાપર પટ, ઠોક્યો હાથે પટપટ,
ધ્રુજારી છૂટે તે માર, સહ્યો શુભ રીતથી.
જોનારની આંખ લાલ લોહી લાવે ઝટઝટ,
એવું તેણે સહ્યું બાઇ પતિતોની પ્રીતથી.
કાઢયો ન ઉચ્ચાર કાંઇ, જોઇ રહ્યો ટગગગ,
તેતો તેણે સહ્યું મહા અધમની પ્રીતથી.
વડો પ્રેમ વડો પ્રેમ, ત્રાતા ઓ પ્રેમાળ મારા;
સંપુરણ કથી ન શકું હું પ્રેમ ગીતથી. ૧૪

ઈંદ્રવિજય છંદ.

પ્રેમ અપાર અગાપ અખંડિત, કોણનિ સાથ કહો સરખાવું;
એક નહીં અવની પર એગજ, તેહનિ સાથ કહાં જઇ લાવું.
શોધિ મરૂં મન ચોદશમાં, રખડી ભટકી સહુ દેશજ આવું;
તોય જડે નહિ ભાળ મળે નહિ, કો કઈ રીતથિ તે સરખાવુ ૧૫
ઓ પ્રભુ ખ્રીસ્ત ન આપ સમોવડ, કોઇજ પ્રીત તણો કરનારો.
તુંજ ખરેખર તુંજ ખરેખર, ઓ પ્રભુ તુંજ ખરેખર ન્યારો.
પ્રેમવડો ગમગાથ કર્યો, નહિ ભૂલિશ એતુજ હું ઉપકારો;
ચાકર હું નિત આપ હજૂરજ, લેખ ગને પ્રભુ નોકર તારો.૧૬

દોહરા.

કારણ કે મુજ કારણે, અપરાધી થયો નાથ;
અહોનીશ મૂજ મનથી, કેમ ભુલું એ વાત.
જુઓ પ્રેમના દાખલા. વ્હાલા મારા વીર;
પિલાતની કોરટ મધે, વેઠી પ્રભુએ પીડ. ૧૭

મનહર છંદ.

કસકસી બંધનથી, ધસમસો લઇ ગયા;
વિપત અનેક પાડી, પીલાતને બારણે;
હાય કેવી નીરલજ, શરમ ભરેલી કરી;
દઠ્ઠા ઠારોઠાર ઠઠ્ઠાકારે તેની સામણે.
તપાસ્યો પીલાતે તેને, પુછી વેણુબહુ કહ્યું;
છેક ત્યાં છચોક નહિ ગુનો કીવો આમણે.
કંટક મુગટ ગુંથી, મૂકયો તેના માથા પરે;
વિધ વિધ વેદના વેઠી તે કોણ કારણે. ૧૮
ઝાંખુઓ ઝબો પેંરાવી, સોટી દીધી હાથ તેને;

યહુદીના રાજા તને અમારી સલામ છે.
એમ કહી નમે વળી, ઘુંટણ ટેકવી અને;
શીરગાર દીએ સોટી વાંસની તમામ એ.
હાંશી હાંશે કરે બહુ, નમન કરીને સહુ;
મુખ થકી બોલે તને, સલામ સલામ છે.
ફરી ફરી વદે વેણ, પીલાત તે સહુને જે;
નહિ ગુન્હો લેશ ત્યારે, મારવો શું કામ છે ૧૯
માન્યા નહિ મુઢમતિ, ચોશો પાડી ત્યાંતો અતિ;
મારો એને મારો એને, કહ્યું બહુ જોશમાં.
પીલાતે હુકમ કાધો, વધસ્તંભ માથે દીધો;
મારે માર પાછળથી, આવી બહુ જોશમાં.
હાય મારા ભાય જુઓ, ત્રાતાની તરફતમે;
તમપર પ્રીતિ કરી, સહ્યું એ સંતોષમાં.
ખોપરીની જગ્યા મહીં, ઠોકયા ખીલા અંગ મહીં;
તે તો તેણે સહ્યું સહુ, પાપીઓના દોષમાં. ૨૦

સોરઠા.

તજતાં પોતે પ્રાણ, બોલ્યો ત્રાતા ખ્રીસ્ત એ;
દોષ પીતુ નહિ જાણ, અણસમજુ એ લોક છે.
વેણ વધ્યો એ જેહ, તે પણ ભાગ્યો જાણજો;
પ્રેમ ઝબોળેલ તે, અવર નહીં ઉર આણજો. ૨૧
વ્હાલા ત્રાતા ખ્રીસ્ત, કેમ ભુલું હું તુજને;
અનુપમ તારી પ્રીત, સજડ જડી મુજ મનમાં.
હા, પ્રભુ તારી રીત, અલૌકીક છે નાથજી,
ભરજે મનમાં પ્રીત, એવી તારા લોકમાં. ૨૨

મનહરછંદ.

જુઓ ભાઇ કેવી પ્રીત, દેવ પુત્ર હતો ખ્રીસ્ત;
તોપણ આપણ માટે, મુવો પોતે સ્નેહમાં.
જો કે હતો શક્તિવાન, મોતથી ઉગરવાને;
તોપણ આપણ માટે મુવો પોતે સ્નેહમાં.
જળ થળ વાયુ નભમંડળનો અધીપતિ;
તોપણ આપણ માટે મુઓ પોતે સ્નેહમાં.
તતકાળ કરે નાશ, સૃષ્ટિ સારી નોતે પોતે;
તોપણ આપણ માટે મુઓ પોતે સ્નેહમાં. ૨૩

ઇંદ્રવિજય છંદ.

માત દિએ શુભ ઠામ દિએ, ધન હામ દિએ નજરે બહુ પેખ્યા;
સંકટમાં શુભ સ્હાય દિએ, જન આ જગમાં બહુ લેખથિ દેખ્યા.
હોંશ દિએ વળિ જોશ દિએ, મન અંદર શાંત કરાવણ લેખ્યા;
તોપણ ઓ પ્રભુ તૂજ સમોવડ, પ્રેમ કરંત ન કોઇજ પેખ્યા. ૨૪

મનહર છંદ.

અનુપમ પ્રીત તારી, અનુપમ રીત તારી;
ત્રાતા ઓ પ્રેમાળ તને, અનુપમ જાણીઓ.
ખરેખાત હાથ ઉંચા, ચોડેલા જે થંભ સાથ;
નીહાળી નીહાળી લોહી, પ્રીતિવાળો ભાળીઓ.
વહે પ્રેમ હાથ થકી, વહે પ્રેમ મુખ થકી;
કુખ થકી અને પગ થકી, પ્રેમ ભાળીઓ.
દીપતા સર્વાંગ તારા, પ્રીતિથી ભરેલ સારા;
પ્રેમ પ્રેમ પ્રેમ વિના, કાંઈ ન નીહાળીઓ. ૨૫

રાગ રામગ્રી.

પ્રેમ પચ્ચિસી પુરી લખી, કહું વેણુ હું ભાય;
લક્ષ પચીશી જો લખું, સંપૂરણ ન લખાય. પ્રેમ.
વિદ્વજનો ભૂગંડળે, હોય સકળ જે જેહ;
તેનું બળ પામી લખું, તોપણ નાવે છેહ. પ્રેમ.
અગાધ પ્રેમ જે ખ્રિસ્તનો, કેમ પાર લેવાય;
મહા દધિમાંથી અંજળિ, ભર્યેજ ઘટતો જાય? પ્રેમ.
સાગરથી અધિકો ઘણો, સહુ ઉપમાની બાર;
એક પ્રીતી તમ ઉપરે, અવર નહિ કંઇ ધાર. પ્રેમ.

પ્રેમપ્રબોધ.

ઇંદ્રવિજય છંદ

વાંચક ભ્રાત તપાસજ અંતર, એ પ્રિત શું તુજ દીલ ધરી છે?
પ્રીત અથાગ ઝરે પ્રભુ દેવ, તણી શુભ તે તુજ માંહ્ય ભરી છે?
હાલ તપાસ તપાસજ બંધુ, કહે ઝટ એ તુજ માંહ્ય ઠરી છે?
જો નહિ હોય ભરી ઝટ લે, મમ તારકમાં બહુ પ્રીત ભરી છે. ૧
પાથર રે તુજ અંતર બાહ્ય, પહોળુ કરી ધર ધ્યાન વિચારી;
પ્રીત પહાડ થકી ઝરતી ઝરતી, વહિ આવતિ પાસ તગારી.
રોકિશ તું ન લગીરજ રે જરિ, થંભનિ માથજ જોનિ નિહાળી;
આકરૂ દૂખ ઉઠાવિ શિરે, લિધ અંગ મહીં પિડ બો ભયકારી. ૨

મનહર છંદ.

અનુભવી પ્રીત તણા, બંધુ ખ્રીસ્ત માંહે મારા;
ત્રાતા તણી પ્રીત લહેર, તેઓ બહુ જાણે છે.
અવરને ગમ નહીં, ચાખી હોય તેજ જાણે;
ખાખરા ખીસોડી ક્યાંથી, સ્વાદ મીષ્ટ માણે તે.
કેવી મીઠી પ્રીત મીષ્ટ, ચીજ કરતાં અધીક;
મેલી કહો કેમ કરૂં, ચાખવાને આણે એ.
ધન્ય ધન્ય ધન્ય હો અધિકાધીક ધન્ય તેને;
જે માંહે આ પ્રેમરસ ધન્ય સહુ ટાણે છે. ૧

જેવો દેવ તેવા થવું જોઇએ.

મનહર છંદ.

કૃષ્ણ કાળા તણા દાસ, કાળું કરનાર જુએ;

યથા દેવ તથા દાસ, જરૂરજ હોય છે.
ભવાનીના ભાવિક તે, ખુની ચોર ક્રુર ગહા;
દેવના સેવાને ગુણ, સેવકતો થાય છે.
વિજીયા વિહારી શીવ, શંકરતો ભંગી ચંગી;
તેમ તેના દાસ નિત, ભાંગ ગાંજા પીય છે.
તેમજ એ મિત્ર મારા, ઘણી છે પ્રેમાળ ત્યારે;
આપણુમાં પ્રેમ તેવો, કેમ નહિ જોય છે. ૧
ધરમ મરમ જુઓ, ઉંડી આંખથી નીહાળી;
તો તો ઝટ સમજશો, કેવી તેની રીત છે.
પ્રીતિવાળા દેવે પાયો, રચ્યો શુભ પ્રીતીપરે;
જુઓ બોલી શાસ્તરતો, પ્રીત નરી પ્રીત છે.
દેવ પોતે પ્રીતિ વળી, કામ તેના પ્રેમી ત્યારે;
થવું તેના જેવા ભાઇ, પ્રીતિ માંહે જીત છે.
પ્રીતિમાં વિશેષ સંપ, પ્રીતિમાં અધિક જંપ;
ઐહિકને પરલોક, માંહેનું એ હિત છે.

ઇંદ્ર વિજય છંદ.

હોઉ ઘણો વિદવાન અને, બહુ બોલિ તણો શુભ ઉચ્ચરનારો;
આગમજ્ઞાન શુભાશુભ મર્મનિ, જાણુ વિવીધ પ્રકારનિ ધારો.
ભીક્ષુકને બહુ સંપત આપિ, દરીદ્ર પણાથિ કરૂં છુટકારો;
પોલ વદે નહિ પ્રીતજ તો ગણુ; પીતળનો અગયો રણુકારો.

દોહરો.

પ્રેમીજ ઇશ્વર આપણો, કહે વારંવાર;
પ્રેમ કરો બીજા પરે, પોતાપર જે ધાર.

ઉદાહરણુ મમ આપતો, પોતાની શુભ રીત;
જેવી મેં તમપર કરી, તેવી કરશો પ્રીત.
મેં નહિ પાછું રાખિને, ઓછું કર્યું ન વીર;
જીવ લગી પણ આપિયો, વેઠી દેહે પીડ.
આ હાથે ખીલા જડયા, જુઓ નજરથી છેદ;
સમજુ વહાલા સમજજો, ગહાન તેનો ભેદ.
આ પગ તરફ નમી જુઓ, વહે લોહિ ધમકાર;
તે તમપર મમ પ્રેમનું, કારણ છે નિરધાર.
કુખ ભણી પણ પેખજો, કેવું તનમાં કાર;
ઓ વહાલા શા કારણે, આમ થયું તે ધાર.
મેં તમપર પ્રીતી કરી, કરી ઘણેરી રેગ;
અરસપરસ તમ બંધુઓ, પ્રીત કરોને તેગ.
મેં તમને પ્રીતિ દીધી, માગુંછું એ માટ;
શું માગ્યું નહિ આપશો, મારી પ્રીતી સાટ!
નમ્ર વચન પ્રેમી તણા, નમ્ર કરે નહીં મન;
અને પ્રેમ ત્રાતા તણો, વહેરાડે નહિ તન!
હા, ઓ ત્રાતા પ્રેમથી, કિધ આમપર ઉપકાર;
તો આ વાણી પ્રેમની, કેમ કરૂં જ નકાર.

હરિગીતછંદ.

ખરૂ પ્રેમિના શુધ્ધ પ્રેમ વાક્ય, અપ્રેમિ દિલ નહિ જાયશું!
ને પ્રીત કરવા કઠણ કેવું કે હઠીલું થાય શું!
ઓ પાણથી પણ કઠણ હૈયા દ્રવણ પ્રેમે જોયતું!
નીહાળ ઈસુ ખ્રીસ્તનું ચરમાવ્યું નહીં તોયશું! ૧
જો નહિ કરેતું પ્રેમનો સીદ્ધાંત છેવટ એટલો;
નહિ લેશ હા, વરસેલ પ્રીતી આપરે રજ જેટલો.
જોતું કહેક પ્રેમ પ્યારો કરુંણ ઉપર છે ઘણો;

છે વ્યર્થ વાતો તાહરી નહીં બોજ બોલો તે તણો. ૨
છે કારણો બહુ સબળ તેના, દીર્ઘ દ્રષ્ટે જો અરે;
જે તુજ કાજે કષ્ટ પામે, લોહી સુધી, ને મરે.
તે નાથપર નહિ રે'અને નહિ પ્રેમ ત્યારે વાતથી;
ખચીત એવું માનીશું, તુજ હૃદય છે બહુ ઘાતકી. ૩
ઓ વીર તું તુજ સૌખ્યનું શુભ સ્વર્ગે ચાહે હીત જો;
પ્રેમાળ જે શુભ ખ્રીસ્ત તેપર કર ઘણેરી પ્રીત તો.
છે ક્ષણિક આ તન જાણજે, પળવારમાં ક્ષય પામશે;
ને રહીશ જો પ્રીતિ વિના, અંધાર દુઃખનો જામશે. ૪
કર પ્રાર્થના પ્રભૂ ખ્રીસ્તની તે આત્મા શુભ આલશે;
શુભ આતમા જે દેવનો, તે ખ્રીસ્તની પ્રિત ધાલશે.
છે પ્રાક્રમીને બહુ દયાળુ, દેવ એણે તારિયા;
બહુ બહુ જનોને, ને વળી, સૌ શત્રૂ તેથી હારિયા. ૫
જો પાઉલ સામું તું જરી, કેવો અરિ તેનો હતો,
સંહાર કરવા ભક્તનો, શાલેમથી તેતો જતો;
ત્યાં માર્ગમાં પ્રભુ ઇશૂએ, તે વૈરીને નમાવિયો;
પ્રીતી ભરીને તેહમાં, ક્રોધી સ્વભાવ સમાવિયો.

મનહર છંદ.

આણી પ્રેમરસ પોતે, પ્રેમમય હોઇને તે;
ઝુઝયો કેવો શુરો થઇ, રણ સંગરાગમાં.
વીવધ પ્રકારના અનેક દુઃખ સહી તેણે;
દરશાવી પ્રીત પામી મોત રૂમ ગામમાં.
એમ જેજે થયા ભક્ત, પ્રીતિએ વેચાઇ રક્ત;
ગણાવ્યું પોતાનું નામ, પ્રેમાળના નામમાં.
ધન્ય મારો પ્રેમીનાથ, કીધી પ્રીતિ મારે માગ,

સજ્જડ જડીએ વાત, લીધી નિજ કામગાં.

ભુજંગી છંદ.

દઉં દાખલા પ્રેમિ જે ભૅક્ત શૂરા;
મુઆ ખ્રીસ્ત માટે મહા જોધ પૂરા;
હતા ખ્રીસ્તની પ્રીતિના એ અધીરા,
અહા રંગરે રંગ પ્રેમાળ વીરા. ૧
હતી આંખને સામણે ખ્રીસ્ત પ્રીતી,
દુખો આવતાં ચાખતાં નોતિ બીતી;
લગારે ન ઉચ્ચારતા દીન ગીરા,
અહા રંગરે રંગ પ્રેમાળ વીરા. ૨
મુઆ પાવકે ને વળી શસ્ત્ર ધારે,
ઉના ડામ દેગે થતાં દુઃખ ભારે;
પશૂ ક્રૂરના દાંતથી થાય ચીરા,
અહા રંગરે રંગ પ્રેમાળ વીરા ૩
ગસાલો કરી ભૅક્તને બાગિને તો,
દિશે તેમની સામણે શુંજ જોતો;
ઉરે શાંતિને મૅન ઉલ્લાશ ભેરાં,
અહા રંગરે રંગ પ્રેમાળ વીરા. ૪
અરે પાડિયા શોળને શોળ દાંતો,
અને પેખશો એહથી પ્રાણુ ખોતો,
પ્રભૂ પ્રીતથી વેઠિએ અંગ પીડા,
અહા રંગરે રંગ પ્રેમાળ વીરા. ૫
કર્યા હાલ બે હાલ તો કૈંક એવા,
કપાવા શિરો ચાકથી પીંડ જેવા;
દિધાં યંત્રથી ફાડવાને શરીરાં,
અહા રંગરે રંગ પ્રેમાળ વીરા. ૬

અરે તુચ્છ આ દૂખનો શું જણાએ;
પ્રભૂ પ્રેમની સાથ શું એ ગણાએ;
ધૃતી ધારિને ભોગવે દુઃખ પીડા,
અહા રંગરે રંગ પ્રેમાળ વીરા. ૭
મુઆ બાળકો પૂરૂષો એમ ભારી,
મુયો એમ કૈં બાલ્ય જૂઆન નારી;
અણીને સમે કાઢિયા રાગ ધીરા,
અહા રંગરે રંગ પ્રેમાળ વીરા. ૮

રાગ બિભાસ.

કેમ નહીં વ્હાલું લાગે, ખ્રીસ્તનું મધુર નામ;
ખ્રીસ્તનું મધુર નામ, ખ્રીસ્તનું મધુર નામ. કેમ.
હતા દુઃખાગ્નિની માંહે, બોજથી પીડાતા જ્યારે;
વિસામો દેવાની મારી મીઠી હાંક ત્યારે. કેમ. ૧
હતા મોત જોગ જ્યારે, છોડયા મોત પામી ત્યારે;
અનૂપ કૃપાની રાહે, લીધું દુઃખ ભારે. કેમ. ૨
પીડાપાત લીધી માથે, વિંધાયો તે થંભ સાથે;
અમ અપરાધી દંડ, સહ્યો નીજ જાતે. કેમ. ૩
મોતપર જય પામી, ઉઠયો ખ્રીસ્તરાય સ્વામી;
અમો પણ તેથી ઉઠી, જશું દુઃખ ત્યાગી. કેમ. ૪
રાજ્યારૂઢ થઇ આજે, સ્વરમાંહે તે વિરાજે;
કરેછે મધ્યસ્થી પોતે, નીજ લોક કાજે. કેમ. ૫
અશાંતિ વિદારી જેણે, મેળવ્યા પણુશી તેણે;
શાંતિના દાતારે હર્ષ વેહેવાડીયો વેણે. કેમ. ૬
નિજ આત્માથી પ્રીતિ, વહેવાડી કાઢી બીતિ;
અહીંના ક્ષણિક દુખો, પરે જશું જીતી. કેમ. ૭

રાગ ઊપરનો.

લાગે બહુ વહાલું તારું, નામ તારનારૂં;
નામ તારનારૂં તારૂં, નામ તારનારૂં. લાગે.
આપથી છોડાવનારૂં, મોક્ષ માંહે તેડનારૂં;
કેનારે વિસારૂં સારું, નામ તારનારૂં. લાગે. ૧
કનક આવ્યું છે હાથ, અહું કેમ અન્ય જાત;
રહું દિનરાત નાથ, નામ તારનારૂં. લાગે. ૨
મગ મન ભૂલે જોતે, શુદ્ધ કર જોઈ તો તે;
શિક્ષા લેખ પેઠે ચોંટે, નામ તારનારૂં. લાગે. ૩
ભાલે દુઃખ શીરતૂટે, વેરી થાય જુથ્થ જુથ્થે;
કદી ન વિખુટે છુટે, નામ તારનારૂં. લાગે. ૪
લગની લાગીછે તારી, રહે સદા પાસ મારી;
વિનંતી સ્વીકારી મારી, ભયદે વિદારી. લાગે. ૫

અવિશ્વાસીને ચેતવણી.

રાગ આશા.

અણવિશ્વાસી, કરીલે પ્રીત, કરીલે પ્રીતિ, કરીલે પ્રીતી. ટેક.
લાયક છે પ્રીતિ કરવાને, પ્રીતિ સ્થળ છે જોને તું રીતી. અ. ૧
તુજમનનું દુઃખ છે બહુ દારૂણ, કરીને, પ્રીતિ દૂરકર ભીતિ. અ. ૨
બ્હાર નહીં દુઃખ તું સહુ ક્ષણીક, જોને આયુષ જાયે વીતી. અ. ૩
અક્ષય આનંદ શાંતિ મળે સુખ, પ્રેમ કર્યે જગ જયરાજ જીતી અ. ૪
જોતું રહે ભઇ પ્રેમ રહિતનો, પસ્તાવો દુઃખ રહતું દૂરીથી. અ. ૫

અવસર આ નહિ આવે ફરીને, બચને મૂરખ મરણ અરીથી. અ. ૬
દુખ ગજ્યેતું કહીશ પછીથી, હાય નહીં'ત ક્યાં મેં નજર કરીતી. અ. ૭

સુખકર પ્રભાત.

ઘોર તજીને ઉઠયો ત્રાતા, દ્રષ્ટિ કર તું તારી. (૨) ટેક.
મરણ શત્રુ જે જીવનનો તે, પલમાં દીધ વિદારી;
વિજય કરી મહારાજા ઉઠયો, જય જય કરણાકારી. ઘોર. ૧
આનંદ આનંદ સંત સમાજે, વ્યાપી રહ્યો બહુ ભારી;
કારણ કે નિજ સંત જનોને, તેહથી લીએ ઉગારી. ઘોર. ૨
ત્રાણ *પ્રભાકર ઉદય થયો જવ, તીમીર ગયું તવ હારી;
પૂર્ણ પ્રકાશે +દીપ્ત દિસેછે, કૃપા કિરણ જો નિહાળી. ઘોર. ૩
ઉંઘ ઉરાડો આંખ મધેથી, રાત ગઈ જો ધારી;
બહાર નીકળ ઝટ એ અજવાળું, છેતે બહુ ગુણકારી. ઘોર. ૪
આળસ જો ધર ઘાલી બેશે, થાશે તન તો વિકારી;
દીન દીન ક્ષય તુજ થાતાં આખર, વિમાસવું ભયકારી ઘોર. ૫
જે જન ઉઠી લાગ્યાં કામે, હર્ષાનંદી ભારી;
શોક ઉદાસી તારે ઘેરે, અંત લગી રહેનારી. ઘોર. ૬
હમણાં ચેતે તો બહુ સાર, થાય ગતિ તુજ સારી;
વિનતિ કરી વિનવુંછું ભાઇ, પશે ખરાબી તારી. ઘોર. ૭

વિશ્વાસી ભાઇઓને જીવનનો બોધ.

રાગ રામગ્રી.

નિત નિત પ્રીતિ સંભારજો, જો જો ધંધને ભાત;
દ્રષ્ટી સમિપે રાખીને, તેની લહે એ વાત. નીત.

---

* સૂર્ય. + શોભાયમાન.

ક્ષણું આણું નવ ભૂલીએ, એતો ભૂલી ન ભૂલાએ;
હૃદય મહીં જડી રાખજો, કનકે હીરો જયમ શોહાય. નીત.
આશુ ઉપકારી થઈ કદા, કરશો પ્રેમ ન ઢીલો;
કારણ તેના અંગમાં, પેઠો નથી ઢીલો ખીલો. નીત.
વિધવિધ વેઠો વેદના, ત્યારે નહિ અકળાઓ;
ચોગરદા ગભરાટથી, યાતો દુ:ખમાં પીડાઓ. નીત.
કોઈ તમારૂં જ્યારે નહિ, ત્યારે ત્રાતા છે સાથે;
શાંતિ તમોને આલશે, ચાંપી ગુજ તન બાથે. નીત.
લેશ હિંમત નહી હારશો, ધરશો પગ નહિ પાછો;
પ્રબળ પ્રભુ છે પક્ષમાં, મનવાંચ્છિત યાચો. નીત.

જયસ્તોત્ર.

જયજયકાર ઇશુનો બોલો, પાપીકાજે આવ્યો છે;
માનવ રૂપ લઇ આપણને, પ્રેમ અતિ દરશાવ્યો છે;
જયજયકાર ઇશુનો બોલો, દાસપણું છોડાવ્યું છે;
રેરે આપણુ માટે કેવું, દુ:ખ અતિ ઉઠાવ્યું છે.
સુતો ગભાણમાં, ગણાયો બાળમાં;
ખમ્યો અસહ્ય દુખ, મનુષ્ય ત્રાણમાં.
ખમ્યો ધીકાર એ, મરાયો છેવટે.
વિજયી થઇ ઉઠ્યો, ત્રીજે દિવસે.
સુખ બહુ થયું, દુખ ગર્ણનું ગયું;
આનંદ સહુ કરો, કરો જાણ થયું ત્રાણ,
બોલો ઇશુનો જયકાર. જયજયકાર.

વંદન સ્તોત્ર.

વંદન કરીએ પ્રભુના ચરણમાં અમે,

પ્રીતે, રીતે, નિત્યે, સુખ કરતા, દુખ હરતા;
નાથ આ સમે. વંદન કરીએ. ૧
વિમળ ગતિ આપ, કાપ †દુરિત જે નડે;
કાપો, પાપો, સ્થાપો, તુજ પદમાં, રહું હદમાં;
નિત્ય એ ક્રમે. વંદન કરીએ. ૨
ઉભય હસ્ત જોડી, દાસ તો કૃપા ચહે;
વાચે, જાચે, આજે, નમી તનથી, દીન મનથી;
દયો કૃપા તમે. વંદન કરીએ. ૩
નિત્ય નવિન નવિન અધિક જોર પામીએ,
વાતે, ચીતે, *ચીતે, તુજ મહિમા, કરી જનમાં;
હરખીએ અમે. વંદન કરીએ. ૪

છેવટના બોલો.

વાંચનાર ! જો તું ખરો વિશ્વાસી હોય તો ખ્રીસ્તની પરમ પ્રીતિનો તેં અનુભવ કર્યો છે, ને તારા મનમાં તેની પ્રીતિનું ઝરણું કાયમ છે. ને તે પ્રીતિથી તારૂં મન હાલ સમાધાનમાં છે, એટલુંજ નહિ પણ તેથી તેં ઘણા ચમત્કારીક લાભો આ જીંદગીમાં પણ અનુભવ્યા છે, અને જીંદગી પૂરી થયે અપૂર્વ આનંદ તથા અક્ષય સુખનો તું આશાવાન છે પરંતુ જો તું અવિશ્વાસી હોય તો ખ્રીસ્તની આ મહા મોટી પ્રીતી જોઇ તારૂં મન વિશ્વાસી થવા તને ભલામણ કરતું નથી શું ? જે કારણોને લીધે તેણે ક્રુસિત સ્તંભનું અસહ્ય મરણ ભોગવ્યું, તે કારણોમાં તારો પોતાનો પણ હિસ્સો છે. તે માટે તારે તેનાપર પ્રીતિ ક-

---

† પાપ-નઠારૂં. * પેસે.

રવાની જરૂર છે. એમ છતાં પણ જો તું તેના બંદગામાં કૃતઘ્નતા જણાવીશ તો તેનું ફળ તું પામીશજ પામીશ. એ વાત પ્રભુ તારી આગળ મૂકવા ધારે છે, કાંતો તેનાપર પ્રીતી અને વિશ્વાસ કરી અનંત જીવન લે, ને કાંતો કૃતઘ્નતા જણાવી અનંત નાશ લે. કઇ વાત કબુલ કરવી એ તારી મરજી માથે છે. પ્રભુ તને સુમતિ આપે ને જે કલ્યાણકારક માગ છે તેજ તું પસંદ કરે.